

(Estd.: 7-12-1925) ।। શ્રી મોઢેશ્વરી પ્રસન્નોસ્તુ ।। Public Trust Regd. No.: A–2636 (MUMBAI)

# શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ


**Regd. Office :**
Anamika Society, "Gamanlal Gandhi Hall", M. V. Road,
Below Andheri Metro Station, Andheri (E), Mumbai-400 069.
E-mail: modhvanikandheri@gmail.com • Website: www.modhvanikandheri.com



**MANAGING TRUSTEE**

SHRI KIRIT N. KAPADIA
Mobile : 9821033799

**TRUSTEES**

DR. PANKAJ C. TELIVALA
Mobile : 9820062907

DR. PANKAJ R. PAREKH
Clinic : 23694365

DR. SATISH M. SANJANWALA
Mobile : 9324384557

DR. AJIT M. GANDHI
Mobile : 9821078724

SHRI GOPAL GANDHI
Mobile : 9869469896

SHRI KISHOR B. MASTER (DANGERIA)
Mobile : 9820000897

**MANAGING COMMITTEE**

RAJU M. GANDHI (President)
203, Vishvashanti Apartments,
2nd Flr, J.P.Rd., Seven Bunglow,
Andheri (W), Mumbai-400 053.
Resi.: 2634 1120

JIGNESH S. PAREKH (Vice President)
Mobile : 98210 45719

PREMAL R. PAREKH (Vice President)
Mobile : 93222 10528

NITIN S. LALAJI (Vice President)
Mobile: 98690 22018

PANKAJ K. JHAVERI (Gen.Secretary)
Mobile : 93222 79370

GIRISH B. SHAH [S.E.O.] (Jt. Secretary)
Mobile: 98928 81694

SMT.INDIRA KINARIWALA (Jt. Secretary)
Mobile : 98202 02448

SURESH LOKHANDWALA (Treasurer)
Mobile : 98200 17920

NUTAN SHAH (Jt. Treasurer)
Mobile : 98925 47852

ANIL K. LAVINGIA (Event Coordinator)
Mobile: 98207 15198

K. P. SANJANWALA (Int. Auditor)
Mobile : 93228 68960

**MEMBERS**

| | |
|---|---|
| PARESH B. MAJMUDAR | 98211 55649 |
| SUNIL B. MAJMUDAR | 98210 52855 |
| RAKESH M. GANDHI | 93222 45294 |
| HEMANT P. GANDHI | 98200 51454 |
| JIGESH PARIKH | 98335 73651 |
| NIKUNJ PATEL | 99676 54580 |
| SURESH MUCHHALA | 93242 50850 |
| BHAVESH KAPADIA | 98200 63158 |
| AKSHAY MEHTA | 98201 42412 |
| VIPUL SHETH | 90227 12925 |

Donations are Exempted From Income Tax vide (U/S 80G)
Registration No. AABTS8359PF20213


તા. ૦૧.૦૧.૨૦૨૩

માનનીય સભ્ય મિત્રો,

સમય ખૂબજ પરિવર્તનશીલ છે. જેમાં સુખ દુઃખ આવતા રહે છે. આપણે સૌએ પાછલા બે વર્ષોમાં કોવિડની ભીષણતા જોઈ આ વૈશ્વિક મહામારીમાં લાખો માનવીયોના મોતનું તાંડવ જોયું છે. ઘણાં એ પોતાના વ્હાલસોયા સ્વજન ગુમાવ્યા છે. જીવનચક્ર ફરતું રહે છે. જે વીતી ગયું તેને એક ભયંકર દુઃસ્વપ્ન સમજી **ઈશ્વરેચ્છા બલીયસી** ના સિદ્ધાંત મુજબ તેઓની આત્મા ને પ્રભુ ચિર શાંતિ આપે એવી પ્રાર્થના સાથે, આવનાર ભવિષ્યને ઉજ્જવળ કરવાના પ્રયાસ કરીએ.

શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ - અંધેરી, કોરોના કાળમાં અવસાન પામેલા સર્વે જ્ઞાતિજનોને હાર્દિક શ્રદ્ધાંજલી આપે છે અને તેમના સ્વજનોને દિલાસો પાઠવે છે.

સમસ્ત મોઢ જ્ઞાતિના કુળદેવી પરમકૃપાળુ માતા શ્રી મોઢેશ્વરીની મહેર થી તેમજ વૈષ્ણવોના ઘટઘટમાં વિરાજમાન શ્રીજીબાવાની અસીમ અનુકંપાથી સમસ્ત મોઢ સમાજમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતા, વિવિધ સમાજ સેવામાં ૯૭ વર્ષીય યુવાન શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ - અંધેરી આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરે છે.

નાના-મોટા સર્વેને મનગમતો અને તેઓના ભણતરની તથા ઈત્તર સફળતાઓને બિરદાવતો કાર્યક્રમ એટલે વાર્ષિક ઈનામી મેળાવડો, **રવિવાર, તા. ૨૯.૦૧.૨૦૨૩ ના રોજ જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજની પાસે, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૮.** ખાતે યોજવામાં આવેલ છે.

## • કાર્યક્રમની રૂપરેખા •

**૪.૩૦ થી ૫.૦૦ - સભ્યોનું આગમન, રજીસ્ટ્રેશન તથા વિદ્યાર્થીઓને ઈનામના ટોકન (મોડા આવનારને ઈનામના ટોકન આપવામાં આવશે નહીં)**

**૫.૦૦ થી ૬.૩૦ - મનોરંજન કાર્યક્રમ**

**૬.૩૦ થી ૭.૩૦ - માનનીય પ્રમુખ તથા અતિથિ વિશેષનું બહુમાન**

**૭.૩૦ થી ૮.૩૦ - ઈનામ વિતરણ**

**૮.૩૦ થી ૧૦.૦૦ - પ્રિતી ભોજન**

**★ સમાજની ઈત્તર પ્રવૃત્તિઓ ★**
વાર્ષિક ઈનામી મેળાવડો, રામનવમી ઉત્સવ, નિઃશુલ્ક / સસ્તા દરે સ્ટેશનરી, પ્રતિમાસ અન્નદાન, તબીબી તથા આર્થિક સહાય, સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટે લોન - સ્કોલરશીપ, આદિવાસી વિસ્તારોમાં સેવા, ધાર્મિક યાત્રા, વિદેશ યાત્રા, જીવન સાથી પરિચય સમારોહ, સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી "બાળપુષ્ઠી પાઠશાળા" વિગેરે....





## • ઈનામ માટેની યોગ્યતા •

આ વર્ષે સમાજના સભ્યોના સંતાનોને નીચે મુજબની યોગ્યતા પ્રમાણે ઈનામો આપવામાં આવશે.

૧. બાલ વર્ગ (કે.જી.) અને ૧ થી ૪ ધોરણમાં પાસ થનાર સર્વેને.

૨. ધોરણ ૫ થી ૧૨ માં ૬૦% કે તેથી વધુ માર્કસ મેળવનારને.

૩. કોલેજમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ તથા એન્જીનીયરીંગ વગેરે કોર્સમાં ૫૫% કે તેથી વધુ માર્કસ મેળવનારને. (સર્ટીફીકેટ કોર્સ વાળાને ઈનામ મળશે નહીં)

૪. ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ડિગ્રી વગેરે કોર્સમાં ૫૦% કે તેથી વધુ માર્કસ મેળવનારને.

૫. અન્ય સફળતાઓમાં વિશેષ યોગ્યતા ધરાવનાર વિદ્યાર્થીઓના સર્ટિફિકેટની ફોટો કોપી અને કલર ફોટો મોકલશો.

૬. આપ સર્વેને જાણ છે કે ગત બે વર્ષોમાં કોરોના મહામારીથી સંતાનોના ભણતરમાં ઘણી અસર થઈ હતી. ઘણાં બાળકો ધો. ૧૦ / ૧૨ તથા ઉચ્ચ અભ્યાસમાં ઉત્તીર્ણ થયા હતા. આપણા સમાજે આ બાળકોને પણ આ વર્ષે ખાસ ઈનામો આપવાનું રાખ્યું છે. તો આપ સૌને ખાસ વિનંતિ કરવાની કે જેમના સંતાનો વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ ના સમયમાં, ફક્ત ઉપરોક્ત જણાવ્યા મુજબના વર્ગમાં, ઉત્તીર્ણ થયા હોય તો તેઓએ પણ ફોર્મ ભરી Marksheet ને Self Attested કરીને ફોટા સાથે આપવી.

### ખાસ નોંધ:

૧. આપ સૌને વિનંતી કે આ વખતે Form અને Circular Online મોકલવામાં આવી રહ્યું છે. તો તમો Online ફોર્મ વિગતવાર ભરી અથવા સમાજની ઓફીસ અથવા કમિટી મેમ્બરને મોકલાવી શકો છો. ફોર્મ **શનિવાર, તા. ૨૧.૦૧.૨૦૨૩** સુધીમાં પહોંચતા કરવા. વિગતવાર ન ભરેલા (અધુરા) ફોર્મ તથા જણાવેલ તારીખ પછી મળેલ ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

ઈનામપાત્ર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ ઈનામ સ્વીકારવા જાતે આવવું જરૂરી છે. જો તેઓ અનિવાર્ય સંજોગોવશાત હાજર ન રહી શકે તો તેઓના વાલીઓએ I-Card બતાવી કાર્યક્રમના દિવસે ઈનામ લેવું જરૂરી છે. ઈનામી મેળાવડાનો કાર્યક્રમ પૂરો થયા પછી કોઈપણ સંજોગોમાં ઈનામ આપવામાં આવશે નહીં અને સમાજ તેના માટે જવાબદાર રહેશે નહીં જેની ખાસ નોંધ લેશો.

૨. આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષના ઈનામી મેળાવડાના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે **શ્રી સત્યેનભાઈ પરીખ તથા શ્રીમતી પ્રીતિબેન પરીખ** બિરાજમાન થનાર છે.

સત્યેનભાઈ Team Talent & Empowerment Consultants ના Founder & CEO છે. તેઓએ આપણા વિદ્યાર્થીઓને Motivational Guidance આપવાનું નક્કી કરેલ છે. આ અંગે રાખેલ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

**સ્થળ : શ્રી ગમનલાલ મગનલાલ ગાંધી હોલ, એમ.વી.રોડ, મેટ્રો સ્ટેશનની નીચે, અંધેરી (ઈ.), મુંબઈ-૪૦૦૦૬૯.**

**તારીખ : રવિવાર, તા. ૨૯.૦૧.૨૦૨૩**

**સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦**

**વિષય : વિદ્યાર્થીઓને પોતાના ધ્યેય, સંકલ્પ અને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે યોગ્ય માર્ગદર્શન.**

ત્યારબાદ સૌ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. તો આપ સૌને ખાસ વિનંતિ કે આપના બાળકો સાથે પધારી તેઓના જીવનના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવેલ સત્યેનભાઈના પ્રેરણાત્મક સૂચનોનો લાભ લેશો.

## • ભોજન પાસ •

પ્રીતિભોજન માટે પાસ રાહત દરે રાખવામાં આવેલ છે. સમાજના સભ્યો માટે વ્યક્તિદીઠ ભોજન પાસની કિંમત **રૂા. ૨૫૦/-** તથા અન્ય મહેમાનો માટે (ગેસ્ટ પાસ) **રૂા. ૩૦૦/-** રાખવામાં આવેલ છે. માનનીય સભ્યોને ખાસ વિનંતી કરવાની કે ભોજન પાસ લેવા આવો ત્યારે **I-Card** લાવવું જરૂરી છે. **I-Card** સાથે ન લાવનારને ગેસ્ટ પાસ આપવામાં આવશે. મેળાવડા ના દિવસે હોલ પરથી કોઈને પાસ નહીં મળે.

**ભોજન પાસ મેળવવાના સ્થળો:**

૧. **સમાજની ઓફીસ (અનામિકા)** થી બુધવાર તેમ જ શનિવારે સાંજે ૬.૩૦ થી ૯.૦૦ કલાકે આપવામાં આવશે.
૨. **પંકજ જવેરી :** ૬૦૨, અંકીત, લાલજી પાડા પોલીસ સ્ટેશન પાસે, દહાણુકર વાડી, લીંક રોડ, કાંદીવલી (વે.), મુંબઈ-૪૦૦૦૬૭. મો.: ૯૦૨૨૨૭૯૩૭૦, ૯૩૨૨૨૭૯૩૭૦
૩. **સુરેશ જે. લોખંડવાલા :** એ/૫૦૨, મધુવન હાઈટસ, સિમ્પોલી ક્રોસ રોડ નં. ૧, બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦૦૯૨. મો.: ૯૮૨૦૦૧૭૯૨૦
૪. **ગિરીશ બી. શાહ :** ૫૦૨, સિધ્ધાચલ કો.હા.સો.લી., મામલતદાર વાડી નં. ૫, મલાડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૬૪. મો.: ૯૮૯૨૮૮૧૬૯૪
૫. **પ્રેમલ આર. પારેખ :** બી-૧૬, યમુના સોસાયટી, મ્યુનિસિપલ ઓફીસ પાસે, એમ.વી.રોડ, અંધેરી (ઈ.), મુંબઈ. મો. ૯૩૨૨૨૧૦૫૨૮
૬. **અક્ષય એન. મહેતા :** ૧૦૨, અર્પણ સોસાયટી, વિઠ્ઠલભાઈ રોડ, વિશ્વકર્મા હોલની પાછળ, વિલે પાર્લા (વે.), મુંબઈ-૪૦૦૦૫૬. મો.: ૯૮૨૦૧૪૨૪૧૨
૭. **જીગ્નેશ પારેખ :** ૧૪૯, શ્રીનાથ ભવન, શિવાજી પાર્ક રોડ નં. ૫, માહીમ, મુંબઈ-૪૦૦૦૧૬ **મો. ૯૮૨૧૦૪૫૭૧૯**

## • સમાજની ઈતર પ્રવૃત્તિ અને સેવા વિષેની સંપૂર્ણ માહિતી •

૧. સમાજનો ગમનલાલ ગાંધી એ.સી. હૉલ, સમાજના સભ્યોને રાહત દરે તેમજ અન્ય સામાન્ય પરિચિત જનતાને પ્રાસંગિક ઉપયોગ માટે ભાડે આપવામાં આવે છે. વધુ માહિતી માટે સમાજના સહમંત્રી શ્રી ગીરીશભાઈ શાહ નો ૯૮૯૨૮૮૧૬૯૪ પર સંપર્ક કરી વધુ માહિતી મેળવવી. સમાજની ઓફીસ દર બુધવાર અને શનિવારે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમ્યાન ખુલ્લી રહે છે.

૨. **આજીવન સભ્ય (Life Member) બનવા વિશે : હાલ સમાજના આજીવન સભ્ય બનવા માટેની સભ્ય ફી રૂા. ૩,૦૦૧/- છે. વર્ષ ૨૦૧૧ પહેલા ના જે સભ્યો જેઓએ રૂા. ૨૫૦/- થી રૂા. ૧૫૦૦/- તે સમય મુજબ ભરી આજીવન સભ્ય બન્યા હતા, તેમને આજની મોંઘવારીને ધ્યાનમાં લઈ આજની ફી મુજબ સાતત્ય (Uniformity) મેળવવાના હેતુ સાથે, આગ્રહ ભરી વિનંતી છે કે, સમાજને મદદ કરવા તફાવતની રકમના ચેક, સભ્યનું નામ, આજીવન સભ્ય નંબર, આજનું સરનામું (બદલાયેલા જુના સરનામા સાથે), Mobile No., E-mail વિગેરે બાબતો સાથે નવું ફોર્મ ભરી મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.**

૩. **પરિણિત સંતાનોએ નવી લાઈફ મેમ્બરશીપ લેવી જરૂરી છે. જેનાથી તેઓના સંતાનોને સમાજની પ્રવૃત્તિનો લાભ મળી શકે.**

૪. સમાજની કોઈપણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા **I-Card** સાથે લાવવું જરૂરી છે. **I-Card** ના હોય તો બે ફોટા સાથે રૂા. ૫૦/- ભરી નવું **I-Card** બનાવવા વિનંતી.

**★ સમાજની ઈત્તર પ્રવૃત્તિઓ ★**

વાર્ષિક ઈનામી મેળાવડો, રામનવમી ઉત્સવ, નિ:શુલ્ક / સસ્તા દરે સ્ટેશનરી, પ્રતિમાસ અન્નદાન, તબીબી તથા આર્થિક સહાય, સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટે લોન – સ્કોલરશીપ, આદિવાસી વિસ્તારોમાં સેવા, ધાર્મિક યાત્રા, વિદેશ યાત્રા, જીવન સાથી પરિચય સમારોહ, સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી “બાળપુષ્ઠી પાઠશાળા” વિગેરે....

૫. **સભ્યોની સંપૂર્ણ માહિતી :** આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણા સમાજની **Website: www.modhvanikandheri.com** કાર્યરત છે. સમાજનો **E-mail: modhvanikandheri@gmail.com** છે. તો સભ્યોને વિનંતી છે કે જે સભ્યોએ પોતાની details update કરવી હોય તેઓ **"Form for Computerised Data"** ભરી **E-mail** દ્વારા મોકલી આપે. **કુરીઅર ના બદલે E-mail અથવા Sms થી સમાજની પ્રવૃત્તિની જાણકારી આપવામાં આવે છે તેની નોંધ લેશો.**

## • મોઢ વણિક સેવા સમાજ સંચાલિત વૈષ્ણવ બાળ પાઠશાળા •

આપણા સમાજના હોલમાં, સમાજના સભ્યોના તેમજ અન્ય બાળકોને સનાતન ધર્મ અને ખાસ કરીને પુષ્ટિ માર્ગની વૈષ્ણવ પરંપરા અને માન્યતાઓ પાછળની સરળ અને સાચી સમજુતી આપવાના હેતુથી નિઃશુલ્ક **સ્વ. શ્રી નટવરલાલ ગાંધી અને સ્વ. શ્રીમતી હસમુખબેન ગાંધી** બાળપુષ્ટિ **"પાઠશાળા"** ચાલે છે. જેમાં પાંચમાં વર્ષના વર્ગો ચાલુ થઈ ગયા છે.

વધુ વિગત માટે સમિતિના સભ્યોનો સંપર્ક કરવો - **૧. શ્રીમતી રશ્મીબેન ગાંધી-9769455410 ૨. શ્રીમતી પ્રીતીબેન મજમુદાર-9867009909 ૩. શ્રી નૂતનભાઈ શાહ - 9892547852 ૪. શ્રી હેમંત ગાંધી-9820051454 ૫. શ્રીમતી ભાવનાબેન શાહ-9769000710 ૬. શ્રી પરેશ મજમુદાર - 9821155649**

## • સૌને ખાસ અપીલ •

સમાજ દ્વારા ચાલતી દરેક પ્રવૃત્તિઓને દાતાઓના નામથી ઓળખવામાં આવે એવી અપીલની ફળશ્રુતિ રૂપે નીચે જણાવેલ પ્રવૃત્તિ કે ફંડ (ભંડોળ) ને નામાંકરણ કરવામાં આવ્યું છે અને બીજા અન્ય ને માટે અત્રેથી અપીલ કરવામાં આવે છે.

૧. સ્વ. શ્રી મનહરલાલ મગનલાલ ગાંધી અને સ્વ. શ્રીમતી કુસુમબેન મનહરલાલ ગાંધી તેમજ
ડૉ. (શ્રી) સતીશકુમાર મનમોહન સંજાણવાલા અને ડૉ. (શ્રીમતી) ચંદ્રિકા સતીશકુમાર સંજાણવાલા તેમજ
શ્રી કિરીટભાઈ નટવરલાલ કાપડીયા અને શ્રીમતી દેવિકા કિરીટભાઈ કાપડીયા પ્રાયોજીત **" અન્નદાન કેન્દ્ર "**

૨. સ્વ. શ્રી નટવરલાલ ગાંધી અને સ્વ. શ્રીમતી હસમુખબેન ગાંધી પ્રાયોજીત **" બાળ પુષ્ટી પાઠશાળા "**
(હસ્તે શ્રી રમેશ ગાંધી અને સ્વ. શ્રીમતી પ્રમિલા ગાંધી તેમજ શ્રી ગોપાલ ગાંધી અને શ્રીમતી પુર્ણા ગાંધી)

૩. સ્વ. શ્રીમતી સુધાબેન શેઠ અને સ્વ. શ્રી ભરતભાઈ શેઠ (હસ્તે શ્રીમતી રાગિણી શેઠ) તેમજ શ્રીમતી ઈલાબેન કૌશિકભાઈ ગાંધી અને કુમારી કલ્પનાબેન કૌશિકભાઈ ગાંધી (હસ્તે જય કૌશિક ગાંધી પ્રાયોજીત)
**" શૈક્ષણિક સહાય ફંડ "**

૪. શ્રી કિશોર બી. માસ્તર અને શ્રીમતી વિશાખા કિશોર માસ્તર પ્રાયોજીત **" ઉચ્ચ શૈક્ષણિક લોન સ્કોલરશીપ ફંડ "**

ઈચ્છુક દાતાઓ માટે - **"વાર્ષિક પારિતોષિક સમારોહ"**, **"આર્થિક સહાય ફંડ"**, **"મેડીકલ સહાય ફંડ"**, **"જીવનસાથી પરિચય"** (મેટ્રોમોની) જેવી પ્રવૃત્તિઓ અને ફંડોના પ્રાયોજક બનવા આગળ આવો. આપની ઈચ્છા મુજબના નામકરણ ઉપલબ્ધ રહેશે. તો આગ્રહ ભરી વિનંતી કે આપના આત્મજનોની સ્મૃતિમાં તેમજ અન્ય સેવાભાવ સાથે સમાજની પ્રવૃત્તિઓને વેગ આપવા સહાયક બનો. વધુ વિગત માટે સમાજના કાર્યવાહક સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.



(Estd.: 7-12-1925) || શ્રી મોઢેશ્વરી પ્રસન્નોસ્તુ || Public Trust Regd. No.: A–2636 (MUMBAI)

# શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ


Regd. Office :
Anamika Society, “Gamanlal Gandhi Hall”, M. V. Road,
Below Andheri Metro Station, Andheri (E), Mumbai-400 069.
E-mail: modhvanikandheri@gmail.com • Website: www.modhvanikandheri.com


## • અન્નદાન માટે અપીલ •

હાલ શ્રી મોઢવણિક સેવા સમાજ, ૧૧૦ જરૂરિયાતમંદ પરિવારોને સમાજની ઓફીસમાંથી દર મહિના ના પહેલા શનિવારે સાંજે ૬.૦૦ થી ૮.૦૦ અને રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી, એક મહિનાનું ચાલે તેટલું અનાજ (જેમા ઘઉંનો લોટ, ચોખા, કઠોળ, દાળ, ગોળ, સાકર, ચા, ઘી, તેલ વિગેરે) રૂા. ૧૪૦૦/- ની આસપાસ નું અનાજ આપવામાં આવે છે. સભ્યોને પોતાના આત્મીયજનોની સ્મૃતિમાં / જન્મદિન કે અન્ય ખાસ દિને રૂા.૧૫૦૦૦/- નું ડોનેશન આપવાથી (એક પરિવાર ને એક વર્ષ માટે અન્નદાન) લાભ લેવા આગ્રહભરી વિનંતિ છે.

લિ.

શ્રી કિરીટ એન. કાપડીયા
(મેનેજીંગ ટ્રસ્ટી)

રાજુ એમ. ગાંધી
(પ્રમુખ)

પંકજ કે. જવેરી
(મુખ્યમંત્રી)

તથા સમાજના સર્વે ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરોના જય શ્રીકૃષ્ણ

**સમાજ સર્વે સભ્યોને ૨૦૨૩ ના
નૂતન વર્ષની અનેક હાર્દિક શુભેચ્છાઓ મોકલે છે
અને
આપની મનોકામના પ્રભુ પૂર્ણ કરે.**

Donations are Exempted From
Income Tax vide (U/S 80G)
Registration No. AABTS8359PF20213

★ સમાજની ઈત્તર પ્રવૃત્તિઓ ★

વાર્ષિક ઈનામી મેળાવડો, રામનવમી ઉત્સવ, નિઃશુલ્ક / સસ્તા દરે સ્ટેશનરી, પ્રતિમાસ અન્નદાન, તબીબી તથા આર્થિક સહાય, સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટે લોન - સ્કોલરશીપ, આદિવાસી વિસ્તારોમાં સેવા, ધાર્મિક યાત્રા, વિદેશ યાત્રા, જીવન સાથી પરિચય સમારોહ, સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી “બાળપુષ્ઠી પાઠશાળા” વિગેરે....